| | |
|---|---|
| રજુ તારીખ | ૧૦/૧૦/૨૦૨૪ |
| દાખલ થયા તા. | ૧૦/૧૦/૨૦૨૪ |
| ફેસલ કર્યા તા. | ૧૮/૦૪/૨૦૨૬ |
| સમય મર્યાદા | વર્ષ–માસ– દિવસ |
| | ૦૧ – ૦૬ – ૦૮ |

**મહુધાનાં મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામ–મહુધા, જી.ખેડા**

જજમેન્ટની તારી: ૧૮/૦૪/૨૦૨૬

**ફોજદારી કેસ નં. ૫૭૧/૨૦૨૪**

**આંક–**

મહુધા પો.સ્ટે. ગુ.ર.નુ. ગુ.ર.નં. ૧૧૨૦૪૦૩૯૨૪૦૨૭૦/૨૦૨૪

**ગુન્હો:– ઈ.પી.કો. કલમ–૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ**

| | |
|---|---|
| ફરીયાદી અથવા ફરીયાદી નામ | ધી સ્ટેટ |
| ફરીયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એચ.ડી.વાઘેલા |
| આરોપી | **(૧) ભલાભાઈ ઉર્ફે ભલીયો સ/ઓ કુલાભાઈ જેહાભાઈ તળપદા,** ઉ.વ.૩૫<br>રહે.ઉંદરા જૂનો મહોલ્લો તળપદાવાસ,<br>તા.મુહધા, જી.ખેડા<br>**(૨) મનુભાઈ છગનભાઈ બીન વાઘજીભાઈ પરમાર,** ઉ.વ.૫૦<br>રહે.ઉંદરા છલા અમરસિંહની મુવાડી,<br>તા.મહુધા, જી.ખેડા<br>**(૩) વિક્રમભાઈ ઉર્ફે કાળાભાઈ સ/ઓ** |

| | |
|---|---|
| | **વાઘજીભાઈ મહેરામભાઈ ભરવાડ,** ઉ.વ.૨૪<br>રહે.ઉંદરા, સરકારી દવાખાના સામે,<br>તા.મહુધા, જી.ખેડા |
| આરોપી પક્ષ તરફે | આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી એચ.સી.ધારીયા<br>આરોપી નં.૨ અને ૩ તરફે વિ.વ.શ્રી એન.જે.પંડ્યા |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૦/૦૫/૨૦૨૪ થી<br>૧૧/૦૫/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૬/૦૬/૨૦૨૪ |
| ચાર્ઝશીટની તારીખ | ૧૦/૧૦/૨૦૨૪ |
| ચાર્ઝફ્રેમ કર્યા તારીખ | ૨૭/૧૧/૨૦૨૪ |
| પુરાનો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૨૭/૧૧/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૧૮/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૧૮/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

આરોપીઓની વિગત

| ક્રમ | આરોપીનુ નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્ઝફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભલાભાઈ ઉર્ફે ભલીયો સ/ઓ કુલાભાઈ જેહાભાઈ તળપદા | – | – | ઇ.પી.કો. કલમ– ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ | નિર્દોષ | – | – |
| ૨ | મનુભાઈ છગનભાઈ | – | – | –"– | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | બીન વાઘજીભાઈ પરમાર | | | | | | |
| ૩ | વિક્રમભાઈ ઉર્ફે કાળાભાઈ સ/ઓ વાઘજીભાઈ મહેરામભાઈ ભરવાડ | – | – | –"– | નિર્દોષ | – | – |

**<u>ફરીયાદ પક્ષનો પુરાવાની વિગત</u>**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧ | ગોપાલભાઈ મગનભાઈ પટેલની જુબાની | ફરીયાદી | ૧૦ |
| ૨ | સમીરહુસેન આરીફહુસેન મલેકની જુબાની | પંચ સાહેદ | ૧૨ |
| ૩ | વાહીદહુસેન મહેબુબહુસેન મલેકની જુબાની | પંચ સાહેદ | ૧૪ |
| ૪ | ઉર્વશી હીરાલાલ પટેલની જુબાની | ત.ક.અ. | ૪૫ |
| ૫ | સરફરાજહુસેન નજીરમીયા મલેક | સાહેદ | ૫૦ |

**<u>ફરીયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાની વિગત.....</u>**

| **ક્રમ** | **દસ્તાવેજનુ વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૧૩ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૬ |

**-: જજમેન્ટ :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૧૦/૦૫/૨૦૨૪ ના કલાક ૧૯/૩૦ થી તા.૧૧/૦૫/૨૦૨૪ ના કલાક ૦૭/૩૦ ના સમય દરમ્યાન, મોજે.વાસણા ગામની સીમમાં આવેલ ચીબા તલાવળી નજીક આવેલ ફરિયાદીના ગોડાઉનના દરવાજાના નકુચાનુ તાળુ તોડી ગોડાઉનમાં ગે.કા. પ્રવેશી ગોડાઉનમાં મુકેલ તમાકુની બોરી નંગ-૬૦ તમાકુની કિંમત રૂપિયા આશરે ૧,૨૦,૦૦૦/- ની ચોરી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી પકડાઇ જઇ ઇ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરતા આ કામના ફરીયાદીએ મહુધા પો.સ્ટે.માં ફરીયાદ નોંધાવતા તે આધારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્ઝશીટ ફાઇલ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ આ કામના આરોપીને સમન્સ/વોરંટ કાઢતા આ કામે આરોપી હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી, આરોપીઓ સામે આંક-૦૬ થી તહોમતનામુ ફરમાવી, આંક-૦૭ થી આંક-૦૯ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનાનો સ્પષ્ટ ઇન્કાર કરતા અને કેસ આગળ ચલાવાવનુ જણાવતાં ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ ફરીયાદ પક્ષ તરફે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરવામાં આવેલ. ત્યાર બાદ સદર કામ આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવાનુ સ્ટેજ હોય પરંતુ ફરીયાદપક્ષે વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) ત્યાર બાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર મૌખીક દલીલો

તથા રજુઆતો સાંભળી, આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીએ ચોરી કરેલ હોય. સમાજમાં ઉદાહરણરૂપ દાખલો બેસે તેવી સજા કરવા માટે ભારપુર્વક રજુઆત કરેલ છે. જયારે આરોપી પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આ કામે પંચોને સમજ આપીને પંચનામુ કર્યુ હોવાનુ રેકર્ડ પર નથી તેમજ પંચોએ પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી. ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ના હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

**(૫)** ઉપરોકત હકીકતોના ન્યાયીક નિર્ણય અર્થે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

−:મુદ્ધાઓ:−

(અ) શુ ફરીયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીઓએ તા.૧૦/૦૫/૨૦૨૪ ના કલાક ૧૯/૩૦ થી તા.૧૧/૦૫/૨૦૨૪ ના કલાક ૦૭/૩૦ ના સમય દરમ્યાન, મોજે.વાસણા ગામની સીમમાં આવેલ ચીબા તલાવળી નજીક આવેલ ફરિયાદીના ગોડાઉનના દરવાજાના નકુચાનુ તાળુ તોડી ગોડાઉનમાં ગે.કા. પ્રવેશી ગોડાઉનમાં મુકેલ તમાકુની બોરી નંગ−૬૦ તમાકુની કિંમત રૂપિયા આશરે ૧,૨૦,૦૦૦/− ની ચોરી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી પકડાઇ જઇ ઇ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(બ) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**(અ) નકારમાં**

**(બ) આખરી હુકમ મુજબ.**

## –: કારણો:–

(૭) આ કામે ફરીયાદ પક્ષ તરફે સૌપ્રથમ આંક–૧૦ થી ફરીયાદી ગોપાલભાઈ મગનભાઈ પટેલને તપાસેલા છે તેઓએ હાલના કામે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, " આ સાલે મે તમાકુ નો પાક કરેલ હતો. તમાકુ ના પાક ની ૪૦૦ ગુણો મે મારા ગોડાઉન માં મુકેલી હતી. અમો અવાર નવાર અમારા ગોડાઉન ઉપર જતા હતા. તારીખ–૧૧/૫/૨૦૨૪ ના રોજ મે મારા ગોડાઉન મા તપાસ કરતા તે તમાકુ ની ગુણો માથી ૧૧૦ ગુણો ની ચોરી થઈ ગયેલ હતી. આજુબાજુ આ ગુણો ની તપાસ કરતા મળી આવેલ નહી. જેથી અમો એ અલીણા પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપેલ હતી. મને ફરીયાદ ની નકલ બતાવવા માં આવે છે જેમા મારી સહી આવેલ છે જે ઝેરોક્ષ નકલ ને આંક આપવા સામુ બચાવ પક્ષ ના વિ.વ.શ્રી ઓ ને વાંધો ના હોય કામ માં રજુ દાખલ આંક– ૧૧. આ ચોરાયેલ મારી તમાકુ ની ગુણો માથી મને પોલીસ સ્ટેશન થી ૬૦ ગુણો પરત મળેલ છે. બાકી ની ગુણો પરત મળેલ નથી. આ મારા તમાકુ ની ચોરી કોણે કરેલ હતી તેની મને આજ દીન સુધી ખબર પડેલ નથી. આ સિવાય મારે બીજુ કાઈ કહેવુ નથી."

આ ફરીયાદીની બચાવપક્ષ દ્બારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો સદર ફરીયાદીએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે આ બનાવની ફરિયાદ બનાવ બન્યા બાદ દોઢેક મહીના બાદ આપેલ નથી. એ વાત ખરી છે કે આ ફરિયાદ આપ્યા બાદ પોલીસે મને કોઈ દીવસ બોલાવેલ નથી.

(૮) ત્યાર બાદ આ કામે પંચ સાહેદ સમીરહુસેન આરીફહુસેન મલેકને **આંક–૧૨** થી તથા પંચ સાહેદ વાહીદહુસેન મહેબુબહુસેન મલેકને **આંક–૧૪** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં **આંક–૧૩** વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. અન્ય કોઈ હકીકતને સમર્થન આપેલ નથી.

સદર કામે આંક–૩૪ થી સરકારપક્ષે ઉપરોક્ત પંચ સાહેદોને હોસ્ટાઇલ જાહેર કરી, ઉલટતપાસની તક મેળવવા માટેની અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ જેથી સદર પંચસાહેદોની સરકારપક્ષે ઉલટતપાસમાં પણ પંચસાહેદો દ્વારા કોઈ સમર્થનકારી હકીકત સ્વીકારવામાં આવેલ નથી.

આ પંચ સાહેદોની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯) ત્યાર બાદ આ કામે **આંક–૪૫** થી ત.ક.અ. ઉર્વશી હીરાલાલ પટેલનાઓને તપાસેલ છેતેઓએ હાલના કામે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, " તારીખ 06.06.2024 ના રોજ ફરિયાદી નામે ગોપાલભાઈ મગનભાઈ પટેલ નાઓ એ પોતાની ફરિયાદ લખાવેલ કે "ચાલુ સાલે અમોએ મારા કાકાની જમીનમાં તમાકુનો પાક કરેલ જે તમાકુનો પાક ૩૨૪ ગુણ તમાકુની બોરીઓ અમોએ અમારા ગોડાઉનમાં મુકેલ હતી અમો ખેતી વાડીના કામકાજ દરમ્યાન અવાર નવાર અમારા ગોડાઉનમાં જતા અને ગોડાઉનમાં મુકેલ તમાકુની ગુણોની સાચવણી કરતા હતા છેલ્લે ગઇ તા.૧૦/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના આશરે સાડા સાતેક વાગ્યાની આસપાસ ગોડાઉની આગળ આંટો મારી મારા ઘરે ગયેલ અને જમી પરવારી રાત્રીના સુઇ ગયેલ અને બીજા દિવસે તા ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ સવારના આશરે સાડા સાતેક વાગ્યે મારા ઉપરોક્ત ગોડાઉને ગયેલ અને ત્યા જઇ જોયેલતો.મારા ગોડાઉનનુ તાડુ તુટેલ હતુ જેથી ગોડાઉનમાં મુકેલ તમાકુની ગુણો ઓછી થયેલાનુ જણાઇ આવેલ જેથી અમોએ મારા કાકા પ્રહલાદભાઈ રામાભાઈ પટેલ તથા મારા ભાગીદાર જયંતિભાઇ સોઢા નાઓને ગોડાઉન પાસે બોલાવેલ અને તેઓની હાજરીમાં અમોએ મુકેલ ૩૨૪ ગુણો માંથી કુલ ૧૧૦ ગુણો ઓછી જણાએલ જેથી મે તથા મારા કાકા તથા મારા ભાગીદાર નાઓએ આજુ બાજુમાં તથા સીમ સીમાડે તપાસ કરતા તમાકુની ગુણો મળેલ નહી અને આજદિન સુધી અમોને આ ચોરી બાબતે કોઇ હકીકત મળેલ ન હોય જેથી આજ રોજ આ બાબતે અત્રે મહુધા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા આવેલ છું તો કોઈ અજાણ્યા માણસે મારી વાસણા ચીબા તલાવળી નજીક

આવેલ મારા ગોડાઉનનુ તાડુ તોડી અંદર પ્રવેશી ગોડાઉનમાં ગઈ તા.૧૦/૦૫/૨૦૨૪ ના કલાક ૧૯/૩૦ વાગ્યાથી તા ૧૧/૦૫/૨૦૨૪ ના કલાક ૦૭/૩૦ વાગ્યાના સમય દરમ્યાન ગોડાઉનમાં મુકેલ કુલે ૩૨૪ તમાકુનો બોરીમાંથી ૧૧૦ બોરી તમાકુની કિંમત રૂપિયા આશરે ૮૦,૦૦૦/– ની ચોરી કરી લઈ ગયેલ હોય જેથી મારી કાયદેસર તપાસ થવા ફરીયાદ છે. મારા પુરાવા મારી ફરીયાદમાં જણાવેલ તથા તપાસમાં નિકળે તે વિગેરે છે.ઉપરોક્ત ફરિયાદ મહુધા પો.સ્ટે ખાતે પી.એસ. ઓ રૂબરૂ લખાવ્યા બાદ આ કામે મને તપાસ સોંપવામાં આવેલી જે મુજબ ફરિયાદી ગોપાલભાઈ નાઓ એ સ્વતંત્ર પંચો રૂબરૂ બનાવ ની જગ્યા બતાવતા તે જગ્યા વાસણા ગામ ની સીમ મા ચેબુ તલાવડી વિસ્તાર માં આવેલ તમાકુ નું ગોડાઉન કે જે 40*40 નું હતું તેમાં થી ચોરી કરેલા નું જણાવેલ. આ કામે સ્વતંત્ર પંચો ને સાથે રાખી અને તા. 14.06.2024 ના રોજ આરોપી નામે ભલાભાઈ જેહાભાઈ તળપદા કે જેઓ બનાવ વાળી જગ્યા બતાવવા માંગતા હોય પ્રથમ ભાગ નું પંચનામુ પોલીસ સ્ટેશને કરી અને ત્યારબાદ સ્વતંત્ર પંચો સાથે આરોપી ને સાથે રાખી સરકારી વાહન માં બેસી અને વાસણા ગામે ફરિયાદી ના ખેતર માં કે જયાં ગોડાઉન આવેલ હતું તે આરોપી એ બતાવેલ. આ કામે તારીખ 14.06.2023 ના રોજ સ્વતંત્ર પંચો ને સાથે રાખી અને આરોપી નામે ભલાભાઈ, મનુભાઈ, વિક્રમભાઈ નાઓ એ અલગ અલગ તારીખો એ તમાકુ સરફરાઝ નજીરમિયાં ને વેચાણ આપેલી તે કુલ ગુણો નંગ 25 જે ગુના નંબર 270/2024 ના કામૈ તથા કુલ ગુણ નંગ 60 નંગ કે જેની કિંમત રૂ. 1,20,000/– તે જે ફ.ગુ.રજી. નં. 271/2024 ના કામે તથા કુલ ગુણ નંગ 35 કીમત રૂ. 70,000/– ની તપાસ અર્થે કબજે કરેલી. આ કામે મે સાહેદ નામે પ્રહલાદભાઈ રામાભાઈ, મુકુંદભાઈ ગોવર્ધન ભાઈ, કિરીટભાઈ ચંદુભાઈ, પિયુષકુમાર રણછોડભાઇ, જયંતીભાઈ ચંદાભાઈ, સરફરાઝભાઈ અલ્લાડમિયાં, ગોપાલભાઈ મગનભાઈ નાઓ ના જવાબ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પૂરાવો જણાતા મે ચાર્જશીટ કરેલું. આરોપીઓ ને જોયે થી ઓળખી શકું. આરોપીઓ ની હાજરી માફી નો રિપોર્ટ હોય ઓળખ ની તકરાર જતી કરેલ છે.”

જયારે બચાવપક્ષે તરફેની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,<u>એ વાત ખરી છે કે બનાવ ના આશરે એક માસ બાદ ફરિયાદી એ પોતાની ફરિયાદ આપેલી.</u> <u>એ વાત ખરી છે કે ફરિયાદ મોડી આપેલ તે બાબતે કોઈ ખુલાસો ફરિયાદ માં જણાવેલ નથી.</u> સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે શોધ ખોડ કરાવ્યા બાદ ફરિયાદી એ ફરિયાદ આપેલી. એ વાત ખરી નથી કે અમો એ સ્થળ પર જઈ સ્થળ નું કે ડિસ્કવરી પંચનામુ પંચો ના લખવ્યા મુજબ કરેલ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામા માં પાછળ થી પંચો ની સહિયો લીધેલી. એ વાત ખરી છે કે તપાસ દરમ્યાન આરોપી નં. 2 ના પ્રત્યક્ષ કબ્જા માં થી કોઈ મુદ્દામાલ મળી આવેલું હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે પંચો સિવાય સ્વતંત્ર સાહેદો ના નિવેદન લીધેલા નહિ. એ વાત ખરી નથી કે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

**(૧૨)** ત્યાર બાદ આ કામે આંક–૫૦ થી સાહેદ સરફરાજહુસેન નજીરમીયા મલેકનાઓને તપાસેલ છે તેઓએ હાલના કામે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, " તા.૧૪/૬/૨૪ ના રોજ પોલીસે મારો જવાબ લીધેલો અને પુછપરછ કરેલી. હું તંબાકુનો ગીડાઉન રાખી તંબાકુ છુટક ખરીદી કરી અને વેચાણ કરુ છુ મને કોણે તંબાકુ વેચાણ આપેલી તે મને ખબર નથી. પોલીસે મારી પાસેથી તંબાકુ ત્રણ અલગ અલગ ગુનામા આરોપીએ ચોરી કરીને મને વેચેલ હોવા બાબતે મારી પાસેથી તબાકુ કબજે કરેલી. જે મે પોલીસને આપેલી. જે ઘુણ કુલ નંગ ૧૨૦ હતી. આ સિવાય હું કાંઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો. આ સિવાય કશું કહેવુ નહી. "

જયારે બચાવપક્ષે તરફેની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, <u>એ વાત ખરી છે કે, આ તંબાકુ મને કોણ આપી ગયેલુ તે બાબતે કોઈ લખાણ કે બિલ અમોએ મેળવેલ નહી. એ વાત ખરી છે કે, આરોપીને હું ઓળખતો નથી.</u> એ વાત ખરી છે કે, મે કોઈ ચોરીનો મુદામાલ ખરીદેલો નથી કે, ખરીદતો નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારુ માત્ર નામ સરનામું પુછેલુ તે સિવાય કશું પુછેલુ નહી.

(૧૩) આમ, ફરીયાદપક્ષનો રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં આ કામે તપસવામાં આવેલ ફરીયાદીની જુબાની પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી તેઓની ફરીયાદને સમર્થનકારી હકીકત જણાવે છે. પરંતુ ચોરીનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી, આ ચોરી કોણે કરેલ હતી તે પણે તેઓએ જોયેલ નથી. આમ હાલના ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તમાકુની ગુણોની ચોરી થયેલ હોય તેવો પુરાવો આપેલ છે પંરતુ સદર વસ્તુઓની ચોરી હાલના કામના આરોપીએ જ કરેલ હોય કે તેને ચોરી કરતા જોયેલ હોય તેવો પુરાવો આપેલ નથી. તેમજ આ કામે પંચ સાહેદોઓને તપાસવામાં આવેલ છે જેઓને પણ મુદ્ધામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. તેમજ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોને તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે પોલીસે તેઓની તૈયાર લખેલા પંચનામામાં સહી કરાવેલ. તેમજ આ કામે અન્ય સાહેદ સરફરાજ નજીરમીયા મલેકનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પણ જણાવેલ છે કે તેઓ આરોપીને ઓળખતા નથી અને સદરહું મુદ્ધામાલ તંબાકુ તેઓને કોણ આપી ગયેલ તેવું તેઓ જણાઈ શકે નહી. તેમજ તેઓએ તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તંબાકુ તેમને કોણ આપી ગયેલ તે બાબતે કોઈ લખાણ કે બિલ તેઓએ મેળવેલ નથી. આરોપીઓને તેઓ ઓળખતા નથી કે તેઓએ કોઈ ચોરીનો મુદ્ધામાલ ખરીદેલો નથી કે ખરીદતા નથી, પોલીસે તેમનુ માત્ર નામ સરનામું પુછેલુ તે સિવાય કશુ પુછેલુ નહી. આમ ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદોના મૌખીક પુરાવાથી આ આરોપીએજ ફરીયાદીના ગોડાઉનમાંથી તમાકુની ગુણોની ચોરી કરી લઇ ગયેલ છે તેઓ કોઇ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ મુદ્ધામાં કબજે કર્યાના પંચનામાની વિગતો પણ પંચના મૌખિક પુરાવાથી સાબીત થઇ શકેલ નથી. જેથી જયારે ફરીયાદી પ્રત્યક્ષદર્શી ન હોય અને જયારે મુદ્ધામાલ કબજે કર્યાના પંચો ફરીયાદપક્ષની કેસ હકીકતને સમર્થન કરતા ન હોય ત્યારે સદરહુ તમાકુની ગુણો આરોપીઓ પાસેથી જ કબજે લેવામાં આવેલ હોય તેવુ માની શકાય નહી. તેમજ ફરિયાદ આપવામાં

ફરિયાદીએ લાંબો વિલંબ કરેલ હોય જેનો કોઈ પણ ખુલાસો કે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેમજ આરોપીઓએ જ ચોરી કરેલ હોય અને આરોપીના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોય તે હકીકત શંકા રહિત પુરવાર થતી નથી. આમ, કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતની તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે જે ધ્યાને રાખતા તેમજ આરોપીએ પોતાના બચાવ પ્રી–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનાં સિધ્ધાંત થી જ બતાવવાનુ હોય છે. જેથી આ કામે ગુન્હો પુરવાર કરવા સમગ્ર પુરાવો અને રેકર્ડ ધ્યાતે લેતા. આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી ચોરી કરાયેલ તમાકુની ગુણો મળેલ હોય તે હકીકત શકાંરહીત ફલીત થતી નથી જેથી આરોપીને યોગ્ય શંકાનો લાભ મળવો જોઇએ તેવુ અત્રેની અદાલતનુ નમ્ર માનવુ છે. જેથી હાલના કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકારમાં**' ઠેરવી **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>–: આ ખ રી હુ ક મ :–</u>**

(૧) આ કામના આરોપી નં.**(૧) ભલાભાઈ ઉર્ફે ભલીયો સ/ઓ કુલાભાઈ જેહાભાઈ તળપદા,** ઉ.વ.૩૫, રહે.ઉંદરા જૂનો મહોલ્લો તળપદાવાસ, તા.મુહધા, જી.ખેડા **(૨) મનુભાઈ છગનભાઈ બીન વાઘજીભાઈ પરમાર,** ઉ.વ.૫૦, રહે.ઉંદરા છલા અમરસિંહની મુવાડી, તા.મહુધા, જી.ખેડા, **(૩) વિક્રમભાઈ ઉર્ફે કાળાભાઈ સ/ઓ વાઘજીભાઈ મહેરામભાઈ ભરવાડ,** ઉ.વ.૨૪ રહે.ઉંદરા, સરકારી દવાખાના સામે, તા.મહુધા, જી.ખેડાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ઈ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબ મુજબના શિક્ષા પાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલ બાબતે અગાઉ વચગાળોનો હુકમ કરેલ

હોય તો કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ હુકમ કરેલ ન હોય તો મુદ્દામાલના માલીકીપણાની ખરાઈ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે બાકીના બીનકીમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે આરોપી દ્વારા રજુ કરવામાં આવેલ જામીન અપીલ સમય સુધી અસ્તિત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૮ મી, માહે– એપ્રિલ, સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૮/૦૪/૨૦૨૬
મહુધા

(કિશનકુમાર આર.મૌર્ય)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફસ્ટ કલાસ, મહુધા
(જીજે ૦૧૭૨૩)